## સંક્ષિપ્ત સમાચાર

### વાઘોડિયા નગરપાલિકા વિસ્તારમાં અંદાજિત 5 કરોડના વિકાસના કામોનું ખાતમુહૂર્ત



વાઘોડિયા : વાઘોડિયા નગરપાલિકા વિસ્તારમાં વિવિધ વિકાસના કામોનું ખાતમુરત આજરોજ ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા હસ્તે નવીન કોર્ટ પાછળ સેવાસદન રોડ પર કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ વિકાસના અંદાજિત પાંચ કરોડના કામોનું ખાતમુરત ધારાસભ્યએ કર્યું હતું વાઘોડિયા નગરપાલિકા વિસ્તારમાં વાઘોડિયા નું મુખ્ય સ્મશાન સહિત વસાવા તેમજ દલિત સમાજ સ્મશાન અને માડોધર ગામે સ્મશાનનું કુલ મળી આશરે બે કરોડના ખર્ચે બાંધકામ કરવામાં આવશે .આ સિવાય તવરા તેમજ ટીંબી ગામે નવીન રોડ નું એક કરોડ ૪૦ લાખના ખર્ચે કામ કરવામાં આવી રહ્યું છે વાઘોડિયા મુખ્ય બજારમાં આવેલ ઘણા વર્ષોથી ગાંધી ઉદ્યાનનું નવનીત કરન માટેની સ્થાનિકોની માંગ ને ધ્યાને લઈ 95 લાખના ખર્ચે લોકોને ઉપયોગી થઈ શકે તે પ્રકારે ગાર્ડનું નવીનીકરણ કરવામાં આવશે જ્યારે એ સિવાય પણ અન્ય ઘણા વિકાસના કામો કરવામાં આવશે.

### શ્રી નારાયણ ધામ, તાજપુરામાં "જળ એ જ જીવન" પર્યાવરણ સંરક્ષણ માટે અવિરત સેવા



હાલોલ : સંત શ્રી નારાયણ બાપુની પવિત્ર તપોભૂમિ શ્રી નારાયણ ધામ, તાજપુરા આજે આરોગ્યસેવા, અન્નપૂર્ણાસેવા, ગૌસેવા, પર્યાવરણપ્રેમ, જળસંચય અને પ્રકૃતિસેવાનો અનોખો સંગમ બની સમગ્ર સમાજ માટે પ્રેરણાનું જીવંત તીર્થ બની ગયું છે. અહીં પ્રકૃતિને પૂજ્ય માની "જળ એ જ જીવન"ના સંદેશ સાથે પર્યાવરણ સંતુલન માટે અનેક સેવાપ્રકલ્પો કાર્યરત છે. આ અવસરે વોકમેન ઑફ ઈન્ડિયા ડો. રાજુ એમ. ઠક્કરે પ્રાકૃતિક કૃષિ વિષે વૈજ્ઞાનિક સમજ આપતાં જણાવ્યું કે, દેશી ગીર ગાયના ગૌમૂત્ર અને ગોબરથી બનતું જીવામૃત અને ઘનજીવામૃત ખેડૂતો માટે સમૃદ્ધિનો માર્ગ છે અને સમગ્ર માનવજાત માટે આરોગ્યપ્રદ જીવનનું અમૃત છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે જળ, જમીન અને જીવનું સંતુલન જ પ્રકૃતિનો પરમ ધર્મ છે, અને આ સંતુલન જાળવવા વૃક્ષારોપણ અને જળસંચય અનિવાર્ય છે.

### ડભોઇ નાદોરા ફળિયા ખાતે શ્રી રંગ વિશ્રામ મંદિરે પાટોત્સવ ઉજવાયો



ડભોઈ : ડભોઈ નગર માં આવેલ નાદોરા ફળિયા ખાતે શ્રી રંગ વિશ્રામ મંદિરે 36 માં પાટોત્સવ ની આજરોજ શ્રી રંગ ભક્ત હરેન્દ્ર ભાઈ પાઠક ના સાનિધ્યમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે ધામ ધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.આ તબક્કે વહેલી સવારે ૭ વાગે પ્રભાત ફેરી બાપજી ની પાસે માને પાર્ટીમાં બેસાડી રંગ વિશ્રામ મંદિર થી પાલકી સાથે રંગ શ્રી રંગવિશ્રામ ખાતેથી નિગમ "દિગંબરા દિગંબરા શ્રી પાદવલ્લભ દિગંબરા"ની ભાવાત્મક ધૂન સાથે ટાવર ચોક રામજી મંદિર થઈ પ્રભાતફેરી પરત ફરી હતી.

### કાલોલના ખડકી ખાતે વિશ્વ હિન્દુ પરિષદ પંચમહાલ જિલ્લાની સંગઠનાત્મક બેઠક યોજાઈ



કાલોલ : વિશ્વ હિન્દુ પરિષદ ગોધરા (પંચમહાલ) જિલ્લા દ્વારા આગામી કાર્યક્રમોના સુચારુ આયોજન અને સંગઠનલક્ષી મજબૂતી માટે કાલોલ તાલુકાના ખડકી સ્થિત જલારામ મંદિર ખાતે 'જિલ્લા વિસ્તૃત બેઠક'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ૧૫ માર્ચ, રવિવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે શરૂ થયેલી આ બેઠકમાં પ્રાંત, વિભાગ અને જિલ્લાના પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સાવલી તાલુકાના નાની ભાડોલ ગામે બે મકાનોમાં આગ ભભૂકી ઉઠતા અફરાતફરી



**સાવલી :** સાવલીના નાની ભાડોલ ગામે નાના ફળિયા આજે બપોરના સમયે જયેન્દ્રભાઈ ડાહ્યા ભાઈ ચૌહાણ ના ઘરમાં ભારે ભેદી સંજોગોમાં આગ લાગી હતી અને જોતજોતામાં ત દૂર દૂર સુધી ધુમાડાના ગોટે ગોટા અને આગના લબકારા જણાતા હતા અને જોતો જોતામાં આગ સમગ્ર ઘરમાં પ્રસરી ગઈ હતી અને તેના પગલે બાજુના ઘર ગોવિંદ ભાઈ મગનભાઈ ચૌહાણ ના મકાનમાં પણ પ્રસરી ગઈ હતી તેના પગલે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

# પંચમહાલ - દાહોદ જિલ્લામાં વિકાસને મળશે વેગ

(પ્રતિનિધિ) દાહોદ, ગોધરા, સિંગવડ તા.17

આદિવાસી વિસ્તારોમાં ગુણાત્મક પરિવર્તન લાવશે વિકાસ પ્રોજેક્ટો વિકસિત ભારત - વિકસિત ગુજરાતના સંકલ્પમાં દાહોદ જિલ્લો અગ્રણીઓમાં રહેશે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આદિવાસી બાહુલ્ય દાહોદ જિલ્લાને રૂ. ૩૬૭. ૭૮ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ આપી છે. સિંગવડ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા, રાજ્ય મંત્રી રમેશભાઈ કટારા અને સહ પ્રભારી પી. સી. બરંડાની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીશ્રીએ સિંગવડ ખાતે તાલુકા સેવા સદન, ગરબાડા ખાતે એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ, રતનમહલ રીંછ અભયારણ્ય વિકાસ, નવી જીઆઈડીસી, રમતગમતના મેદાનો તથા દેવગઢ બારિયામાં આદર્શ નિવાસી શાળાના લોકાર્પણ સહિતના વિવિધ વિકાસ પ્રોજેક્ટોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું.

## મુખ્યમંત્રીના હસ્તે દાહોદ જિલ્લામાં રૂ. 376.78 કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

(પ્રતિનિધિ) દાહોદ, તા.15

આદિવાસી વિસ્તારોમાં ગુણાત્મક પરિવર્તન લાવશે વિકાસ પ્રોજેક્ટો વિકસિત ભારત - વિકસિત ગુજરાતના સંકલ્પમાં દાહોદ જિલ્લો અગ્રણીઓમાં રહેશે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આદિવાસી બાહુલ્ય દાહોદ જિલ્લાને રૂ. ૩૬૭. ૭૮ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ આપી છે. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર આદિવાસી વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ વનબંધુઓના જીવનમાં ગુણાત્મક પરિવર્તન લાવવા માટે સતત પ્રયાસો



થઈ રહ્યા છે. તેમણે જણાવ્યું કે, આ પ્રોજેક્ટો દાહોદ જિલ્લાના વિકાસને નવી ગતિ આપશે. સિંગવડ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા, રાજ્ય મંત્રી રમેશભાઈ કટારા અને સહ પ્રભારી પી. સી. બરંડાની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીશ્રીએ સિંગવડ ખાતે તાલુકા સેવા સદન, ગરબાડા ખાતે એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ, રતનમહલ રીંછ અભયારણ્ય વિકાસ, નવી જીઆઈડીસી, રમતગમતના મેદાનો તથા દેવગઢ બારિયામાં આદર્શ નિવાસી શાળાના લોકાર્પણ સહિતના વિવિધ વિકાસ પ્રોજેક્ટોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું.

## પંચમહાલના શહેરામાં રૂ. 732 કરોડના 112 વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

**ગોધરા :** મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રવિવારે પંચમહાલ જિલ્લાના શહેરા ખાતેથી રૂપિયા ૭૩૨ કરોડના ખર્ચે તૈયાર થનારા ૧૧૨ જેટલા પ્રજાલક્ષી વિકાસકામોનું ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે તેમણે રાજ્ય સરકારની પ્રાથમિકતા છેવાડાના માનવીને વિકાસની મુખ્ય ધારામાં જોડવાની હોવાનો સ્પષ્ટ સંદેશ આપ્યો હતો. શહેરાના કેશવ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં પાનમ જળાશય આધારિત પૂર્વ પટ્ટી ઉદવહન સિંચાઈ યોજનાનું ખાસ લોકાર્પણ કરાયું હતું.



### સિંગવડમાં CMના આગમન પહેલા વિરોધ વંટોળ



**સીંગવડ :** દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકામા મુખ્યમંત્રીના આગમન પહેલા વિરોધના વાદળો છવાયા તાલુકા વિકાસ અધિકારી અને મામલતદાર સીંગવડને આવેદન આપીને મુખ્યમંત્રીને મળવાનો સમય માંગ્યો હતો જ્યારે રંધીકપુર પોલીસ દ્વારા આપ ના નેતા નરેશ બારીયા તથા તેમના કાર્યકર્તાઓને રણધીપુર પોલીસ દ્વારા તેમના ઘરેનજર કેદ કરવામાં આવ્યા હતા.

### વાઘોડિયામાં રેતી કપચી કમિશન પર વેપાર કરતા વેપારીને રુપિયાની ઉઘરાણીનો ત્રાસ

## વેપારીનુ અપહરણ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.15

વાઘોડિયા તાલુકાના કમલાપુરા ખાતે આવેલ કિશન વીન્ટેજ માં રહેતા હરેશભાઈ મનુભાઈ પટેલે વાઘોડિયા પોલીસ સ્ટેશનમાં પોતાનું અપહરણ અને જાણ થી મારી નાખવાની ધમકી આપનાર આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. અમદાવાદ ખાતે રેતી કપચી મંગાવી બિલ્ડરો તેમજ કોન્ટ્રાક્ટરોને વેચાણ આપવાનુ કમિશન પેટે કામ કરતા હરેશ પટેલે નવાપુરા ગામ સનાથલ તા.સાણંદ જી.અમદાવાદ મુળ રહે.નટવરગઢ તા.લીમડી જી.સુરેન્દ્રનગર પાસેથી કપચી મંગાવેલ જે કપચી બીલ રૂ.૧૬ લાખનુ થતા રૂ.૧૧ લાખ ચુકવી દેતા રૂ.૫ લાખ બાકી હતા. બીજા જગદીશભાઈ વણજારા રહે.પલોડીયા તા.જી.ગાંધીનગર પાસેથી રેતી મંગાવતાં બીલ રૂ.૫.૩૩ લાખ થતા રૂ.૧.૮૦ લાખ ચુકવી આપતા રૂ.૩.૫૩લાખ આપવાના બાકી હતા.આ માટે આરોપીઓ અવાર નવાર દબાણ કરતા હરેશ પટેલે વાઘોડીયામાં ઓળખીતાને ત્યા નોકરી કરતા હતા.

તે દરમ્યાન (૧) ચંદુભાઇ બાવળીયા (૨) જગદીશભાઈ વણજારા (૩) કિરણ (૪) પેથાભાઇ (૫) મેહુલ પરમાર (૬) સાજીદ (૭) અજય (૮) પ્રવિણસિંહ ડૈયા નાઓએ ગુનાહીત કાવતરૂ રચી હરેશ પટેલ ને બાકી નિકળતા પૈસા કઢાવવા કામ કરતા હતા તે દુકાને આવી તેઓને ગમે તેવી ગાળો આપી બળજબરીથી તેઓને ફોર વ્હીલ ગાડીમા બેસાડી ચંદુભાઇ બાવળીયાના હાથમાના કડા તેમજ લાત વડે માર મારી અપહરણ કર્યું હતું. અન્ય બીજા ઈસમો ફોર વ્હીલ સફેદ કલરની સ્વીફ્ટ ડીઝાયરમા આવી અપહરણ કરવામા મદદગારી કરી હરેશ પટેલને લીમડી ખાતે આવેલ પ્રવિણસિંહ ની ઓફીસે લઈ જઈ ઓફીસમા ગોંધી રાખી પ્રવિણસિહ અને ચંદુભાઈએ ૨૪ કલાકમાં પૈસા નહી આપે તો તને જીવવા દઈશુ નહી તેવી ધમકીઓ આપતા વાઘોડિયા પોલીસે ફરિયાદના આધારે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે

### પાઇપલાઇનોના ઢગલા, કામગીરી ખોરંભે

## નસવાડી તાલુકાના નન્નુપુરા ગામના ટેકરા ફળિયામાં પાણી માટે વલખા

(પ્રતિનિધિ) નસવાડી, તા.15

નસવાડી તાલુકાના નન્નુપુરા ગામનું ટેકરા ફળિયું આવેલું છે 30 જેટલા મકાનો માં 100 જેટલા લોકો રહે છે અને તમામ પરિવારો મજૂરી કામ કરીને જીવન નિર્વાહ ચલાવે છે તેઓને ફિલ્ટર વાળું શુદ્ધ પાણી મળે તે માટે પોચંબા પાણીપુરવઠા યોજનામાં પાણી ની પાઈપલાઈનો નાખવા માટે બે બે વાર સર્વે કરવામાં આવ્યું જ્યારે આ ફળિયા ની નજીક માં પાણી પુરવઠા વિભાગ એ પાઈપલાઈન નો ઢગલો પણ 6 માસ પહેલા કર્યો છે પરંતુ આજદિન સુધી પાણી ની પાઈપલાઈન નાખવામાં આવી નથી આ પરિવારો મજૂરી કામ કરે છે જ્યારે પીવાના પાણી માટે પણ ઝઝૂમી રહ્યા છે જ્યારે ગ્રામ પંચાયત દ્વારા હેડપમ્પ કરી



આપવામાં આવેલ છે તે પણ બગડેલી હાલત માં છે ત્યારે ગ્રામ પંચાયત ના વોટરવર્કસ ના બોર ના પાણી માં ટીડીએસ નું પ્રમાણ વધારે છે જેના કારણે તે પાણી પીવાથી પથરી નો રોગ થાય તેનો ડર રહે છે જ્યારે આદિવાસી સમાજ ના લોકો ઉનાળા ની શરૂઆત થી જ પાણી ની તંગી માટે ઝઝૂમી રહ્યા છે.

### પાદરા MGVCL દ્વારા વીજ ચેકિંગમાં લાખો રૂપિયાની વસુલાત

પાદરા : પાદરા વિસ્તારમાં વીજબીલની બાકી વસુલાત માટે પાદરા એમ.જી.વી.સી.એલ. દ્વારા મેગા ડિસ્કનેક્શન તથા રિકવરી ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. પાદરા-૧ એસ.ડી. એન. અંતર્ગત ટીમ નંબર ૩૩ દ્વારા પાદરા શહેર સહિત બિલ, ચાપડ, ચાણસદ, સમીયાલા, લક્ષ્મીપુરા, સંગામા, રાઈપુરા, ગોકુલપુરા, દરાપુરા, પટોદ, ખલીપુર, સોખડા, મદાપુર સહિતના ગામોમાં ચકાસણી અને વસુલાત કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન કુલ ૯૭૦ ગ્રાહકો પાસેથી અંદાજે રૂ.48 લાખ થી વધુ વસુલાત કરવામાં આવી હતી. તેમજ બાકી બિલ ન ભરનાર ગ્રાહકો સામે કાર્યવાહી કરતા ૫૩ વીજ જોડાણો કાપી નાખવામાં આવ્યા હતા, જેમાં કુલ રૂ. ૨.૧૯ લાખની બાકી રકમ નોંધાઈ હતી.

### ઝાલોદમાં પૂજારીની હત્યાનો ચોંકાવનારો ભેદ ઉકેલાયો કોણે કરી હત્યા !

## મિત્ર બની બોલાવી માછણ નદી કિનારે લઈ જઈ લૂંટના ઈરાદે નિર્દય હત્યા

ભજન માટે નીકળેલા પૂજારીનો બીજા દિવસે લોહીલુહાણ મૃતદેહ મળતા ચકચાર મચી હતી



### દેવાના બોજે રચી હત્યાની યોજના, દાગીના લૂંટીને થયો ફરાર

(પ્રતિનિધિ) ઝાલોદ,તા.15

ઝાલોદ તાલુકામાં પૂજારીની હત્યાની ઘટનાનો ઝાલોદ પોલીસે સનસનીખેજ પર્દાફાશ કર્યો છે. ભજન-કીર્તન માટે ઘરેથી નીકળેલા પૂજારી બીજા દિવસે માછણ નદીના કિનારે લોહીલુહાણ હાલતમાં મૃત મળતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. શરૂઆતમાં રહસ્યમય લાગતી આ ઘટનામાં ઝાલોદ પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી લઈને સમગ્ર કરતા કાવતરું બહાર આવ્યું છે.

ઝાલોદના ડુંગરી ફળિયાના રામદેવ મંદિરના પૂજારી અને રામદેવ ભગવાનના ભક્ત તરીકે ઓળખાતા નગીનભાઈ વિરાભાઈ ભુનાતર (ઉ.વ. આશરે ૫૧)ની લાશ થેરકા ગામ નજીક પંચકૃષ્ણ મંદિર પાછળ માછણ નદીના કિનારે ઝાડી-ઝાંખરામાં લોહીલુહાણ હાલતમાં મળી આવી હતી. આ ઘટનાથી વિસ્તારમાં ભારે ચકચાર ફેલાઈ ગઈ હતી.

પરિવારજનોના જણાવ્યા મુજબ નગીનભાઈ ૧૧ માર્ચે સાંજે ભજન-કીર્તન માટે ઘરેથી નીકળ્યા હતા. રાત્રે મોડે સુધી ઘરે પરત ન આવતા પરિવારજનો ચિંતિત બન્યા હતા અને તેમના મોબાઈલ પર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કોઈ જવાબ મળ્યો નહોતો.બીજા દિવસે બપોરે થેરકા ગામ નજીક માછણ નદીના કિનારે એક વ્યક્તિ પડેલી હોવાની માહિતી મળતા

તપાસ દરમિયાન પોલીસને ગામડી રોડ પર આવેલી પુલિયા પાસે એક યુવાન શંકાસ્પદ હાલતમાં બેઠેલો હોવાની બાતમી મળી હતી. પોલીસ તરત જ સ્થળ પર પહોંચી તેને કાબૂમાં લઈ ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે લાવી પૂછપરછ શરૂ કરી. પૂછપરછ દરમિયાન તેણે પોતાનું નામ અજયભાઈ સામજીભાઈ પરમાર (ઉ.વ. ૩૦) હોવાનું જણાવ્યું.

સ્થાનિક લોકો ત્યાં પહોંચ્યા હતા. નજીક જઈ તપાસ કરતા તે રામદેવ મંદિરના પૂજારી નગીનભાઈ હોવાનું સામે આવ્યું હતું. તેઓ લોહીલુહાણ હાલતમાં મૃત હાલતમાં પડેલા જોવા મળતા તરત જ પરિવારજનો અને પોલીસને જાણ કરવામાં આવી હતી.

પોલીસ તપાસ દરમિયાન મૃતકના શરીર પર ગંભીર ઈજાના નિશાન જોવા મળ્યા હતા. સાથે સાથે તેઓ સામાન્ય રીતે પહેરતા સોના-ચાંદીના દાગીના પણ ગાયબ હોવાનું સામે આવતા લૂંટના ઈરાદે હત્યા કરવામાં આવી હોવાની શંકા મજબૂત બની હતી. ઘટનાની ગંભીરતા જોતા ઝાલોદ પોલીસ સાથે દાહોદ એલસીબી અને એસઓજીની ટીમોએ પણ તપાસ હાથ ધરી હતી.પોલીસની કડક પૂછપરછમાં તેણે આખો ગુનો કબૂલ કરી લીધો હતો. તપાસમાં સામે આવ્યું કે અજયભાઈએ બે મહિના પહેલા લગ્ન કર્યા હતા અને લગ્નના ખર્ચાને કારણે તેના પર ભારે દેવું થઈ ગયું હતું. ઉછીના લીધેલા પૈસાની માંગણી થતા તે તણાવમાં હતો. અજયભાઈ નગીનભાઈને ઓળખતો હતો અને જાણતો હતો કે તેઓ ગળામાં સોનાની ચેન, હાથમાં સોનાની વીટી અને ચાંદીનું ભોરીયું પહેરતા હતા. આ દાગીના વેચી દેવામાં આવે તો પોતાનું દેવું ઉતરી જશે એવી લાલચે તેણે હત્યાની યોજના બનાવી.

તેને નગીનભાઈને "ઉછીના આપેલા પૈસા લેવા જવાનું છે" કહી માંડલીખુંટા ગામ તરફ બોલાવ્યા અને પછી માછણ નદીના કિનારે એકાંત સ્થળે લઈ જઈ અંધારાનો લાભ લઈ લોખંડની હથોડીથી માથામાં ઘા કર્યા અને ગળું દબાવી તેમની નિર્દય હત્યા કરી નાખી. ત્યારબાદ ગળાની સોનાની ચેન, હાથની સોનાની વીટી અને ચાંદીનું ભોરીયું લઈને ત્યાંથી ફરાર થઈ ગયો.ઝાલોદ પોલીસ, દાહોદ એલસીબી અને એસઓજીની સંયુક્ત કામગીરીથી આરોપીને ઝડપી લેવામાં આવ્યો છે.

### 2023 પ્રવેશ મહોત્સવના લેબલ વાળી સાયકલોની વહેંચણી કેમ ના થઇ ?

## નસવાડીની એસ.બી.સોલંકી વિદ્યામંદિરના કમ્પાઉન્ડમાં સાયકલો ભંગાર હાલતમાં

(પ્રતિનિધિ) નસવાડી, તા.15

નસવાડી ખાતે એસ બી સોલંકી વિદ્યામંદિર ના કમ્પાઉન્ડ માં આવેલ ગ્રામ પંચાયત ના હોલ માં વર્ષ 2023 ના પ્રવેશ મહોત્સવ માં આપવાની 9 જેટલી સાયકલો ભંગાર હાલત માં પડી રહી છે. આ સાયકલો આદિજાતિ વિભાગ દ્વારા આદિવાસી કન્યાઓને સરસ્વતી સાધના યોજનામાં આપવાની હતી પરંતુ આ સાયકલો ભંગાર હાલત માં ગ્રામ પંચાયત ના હોલ માં પડી રહી છે જ્યારે આ બાબતે તંત્ર ના અધિકારીઓ પણ કંઈ બોલવા તૈયાર નથી. નસવાડી



ખાતે એસ બી સોલંકી વિદ્યામંદિર ના કમ્પાઉન્ડ માં ગ્રામ પંચાયત ની માલિકી ના હોલ માં 2023 પ્રવેશ મહોત્સવ ના લેબલ વાળી 9 જેટલી સાયકલો પડી રહી છે આ સાયકલો કોણ મૂકી ગયું છે તેની જાણકારી ગ્રામ પંચાયત ના સત્તાધીશો ને નથી જ્યારે આ સાયકલો આદિજાતિ કન્યાઓને સરસ્વતી સાધના યોજનામાં સરકાર દ્વારા આપવામાં આવે છે પરંતુ આ સાયકલો હાલ બિન વારસી પડી રહી છે ગ્રામ પંચાયત ના હોલ ને તાળા પણ મારેલા નથી.

જ્યારે આ સાયકલો આદિજાતિ કન્યાઓને મળી નથી જ્યારે આદિજાતિ વિભાગ ના અધિકારીઓ આ બાબતે ધ્યાન આપતા નથી જ્યારે ગાંધીનગર થી આની તપાસ કરવામાં આવે તો જિલ્લા માં કેટલી વિધાર્થિનીઓને સાયકલ નથી મળી તેની સાચી હકીકતો બહાર આવે તેમ છે

## કાલોલ પોલીસની લાલ આંખ: સણસોલી ગામે રહેણાંક મકાનમાં ચાલતી દેશી દારૂની ભઠ્ઠી ઝડપી

(પ્રતિનિધિ) કાલોલ, તા.15

પંચમહાલ જિલ્લામાં દારૂબંધીના કડક અમલ માટે પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ અને દરોડાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત કાલોલ પોલીસે સણસોલી ગામે બાતમીના આધારે રેડ કરી રહેણાંક મકાનમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી ઝડપી પાડી છે. પોલીસે આ મામલે એક મહિલા સામે કાયદેસરની કાર્યવાહી કરી કુલ 4,950 નો મુદ્દામાલ કબજે કર્યો છે. કાલોલ પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે સણસોલી ગામના વચલા ફળિયામાં રહેતા શોભનાબેન અરવિંદસિંહ રાઠોડ પોતાના ઘરે દેશી દારૂની ભઠ્ઠી ચલાવી રહ્યા છે અને દારૂ ગાળીને તેનું છૂટક વેચાણ કરે છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક અસરથી રહેણાંક મકાન પર દરોડો પાડ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન સ્થળ પરથી દારૂ બનાવવાની પ્રક્રિયા ચાલુ હોવાનું જણાયું હતું.


**જાહેર હરાજી**

આથી જાહેર જનતાને જણાવવાનું કે હજાતિયા (તાલુકો મહુધા) ગ્રામ પંચાયતનું જર્જરીત મકાન તોડી પાડવાનું હોય તેના કાટમાળ, બારી-બારણા અને લોખંડની જાહેર હરાજી તા.૨૧/૦૩/૨૦૨૬ શનિવાર બપોરે ૦૩:૦૦ કલાકે ગ્રામ પંચાયત હજાતિયા ખાતે રાખેલ છે. તો રસ ધરાવતા ઈસમોને ઉપરોક્ત સ્થળે અને સમયે હાજર રહેવા જણાવવામાં આવેલ છે.

તારીખ : ૨૧/૦૩/૨૦૨૬ શનિવારના રોજ,

સમય : બપોરે ૦૩:૦૦ કલાકે, સ્થળ : ગ્રામ પંચાયત હજાતિયા ખાતે રાખેલ છે.

લિ. હજાતિયા ગ્રામ પંચાયત

સરપંચ શ્રી મુમતાજબેન રુસ્તમભાઈ મલેક

તલાટી કમ મંત્રી શ્રી હેતલબેન રોહિત

મુ.પો.હજાતિયા, તા.મહુધા, જિ.ખેડા